
# શહેરમાં રખડતા ઢોર સહિત અન્ય પ્રાણીઓનો ત્રાસ

## વન વિભાગ કે ગાંધીનગર મનપા દ્વારા યોગ્ય નિર્ણયનો અભાવ






ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર ધ ગ્રીન સીટીમાં પશુ-પ્રાણીઓનો ત્રાસ વધી જવા પામ્યો છે. જેમાં ગાય, આખલા, નીલગાય, કૂતરા, વાંદરાનો સમાવેશ થાય છે. શહેરમાં રખડતા ઢોરોનો મુદ્દો તો હજી ઉભો જ છે ત્યારે બીજી તરફ અન્ય પશુઓનો જંગલી જનાવરોનો ત્રાસ વધવા પામ્યો છે. શહેરીજનો રખડતા ઢોરોનો શિકાર તો બને છે જેમાં જીવને જોખમ પણ થાય છે. છતાં પણ જવાબદાર સત્તાધિશો દ્વારા કોઈ કડક પગલા લેવામાં આવી રહ્યા નથી. ગાંધીનગરમાં દરેક સર્કલો પર વિવિધ માર્ગો પર નાના મોટા ફૂલછોડ શોભાયમાન છે જેમાં નીલગાયોએ આતંક મચાવ્યો છે. મંદિરો, ખાણી-પીણી, હોટલો, રેસ્ટોરેન્ટની આસપાસ કૂતરાઓનો ત્રાસ વધી રહ્યો છે.

ગાંધીનગરની નીલગાયોને સાસણગીરમાં ખસેડવાનો નિર્ણય કર્યો હોવા છતાં પરિસ્થિતિ થાળે પડતી નથી. સરકારે એવું નક્કી કર્યુ હતુ કે સાસણગીરમાં સિંહોની વધતી જતી વસ્તીના કારણે તેને ખોરાક મળી રહે તે માટે નીલગાય કે જે તૃણધારી પ્રાણી છે તેને ગીરમાં ખસેડવામાં આવશે. પ્રાયોગિક ધોરણે ગણીગાઠી નિલગાયને પકડીને સાસણગીરમાં છોડવામાં પણ આવી હતી. જોકે ત્યાર પછી નીલગાયને સાસણગીર મોકલવામાં આવી નથી. તેથી ગાંધીનગરમાં તેનો ઉપદ્રવ વધી રહ્યો છે. ગાંધીનગરમાં વીઆઈપી એવા જ માર્ગ પર નીલગાયના ટોળા અવારનવાર આવી જતા હોવાથી અકસ્માતો સર્જાય છે. આ માર્ગ પર સરકારી ગાડીઓની રફતાર વધુ હોવાથી માર્ગ પર નીલગાયથી સાવચેત રહેવાના બોર્ડ પણ લગાવવામાં આવ્યા છે. આમ છતાં નીલગાયના પ્રભાવથી પ્રતિમાસ એક-બે અકસ્માત થાય છે.

### ગાંધીનગરમાં ૩૦૦૦ થી વધુ નીલ ગાય

ગાંધીનગરમાં નીલ ગાયની વસ્તી વધી રહી છે. નીલ ગાયની વસ્તી એટલી બધી વધી ગઈ છે કે સેક્ટરોમાં રહેણાંક વિસ્તારોમાં ઘૂસી રહી છે. રાજ્યના વન વિભાગે ગાંધીનગરની નીલ ગાયોને સાસણ ગીરમાં ખસેડવાનો નિર્ણય કર્યો હોવા છતાં પરિસ્થિતિ થાળે પડતી નથી. ગાંધીનગરમાં નીલ ગાયની ૩૦૦૦ થી વધુ વસ્તી છે. જેમાં દિવસે ને દિવસે તે દરેક સેક્ટરોમાં જોવા મળી રહી છે.

### કૂતરા કરડવાના કેસમાં વધારો

ગાંધીનગરમાં મંદિરોની બહાર ખાણી-પીણીની જગ્યાઓ પાસે કૂતરાઓની વધતી જતી વસ્તી માનવજીવન માટે ખતરારૂપ બની રહ્યુ છે. કૂતરાઓના કારણે શહેરીજનોને મુશ્કેલીઓ વધી રહી છે. હડકાયા થયેલા કુતરા અને ગુસ્સે ભરાયેલા કુતરાઓ માણસોની પાછળ દોડે છે. કારણ વગર કોઈ પણ વ્યક્તિની પાછળ દોડતા થઈ જાય છે અને ગાડીઓ અને ટુ વ્હીલરની પાછળ આખુ કુતરાઓનું ઝુંડ દોડે છે જેથી શહેરમાં કૂતરાઓથી ભયનો માહોલ છે.

### શહેરમાં વાંદરાઓનો પણ ત્રાસ

છેલ્લા કેટલાક સમયથી શહેરમાં વાંદરાના ખેલ દેખાડતા મદારીઓ જોવા મળતા નથી. એને બદલે વાનર ખુદ ઘરે-ઘરે, સોસાયટીઓમાં, સ્કૂલ-કોલેજો કે સરકારી કાર્યાલયોમાં સ્વયંભુ દર્શન દે છે. જોકે દુર્લભ લાગતુ આ વાનર દર્શન હવે શહેરીજનોને ભારે પડી રહ્યું છે. વાનરોનો ત્રાસ એટલો વધી ગયો છે કે શહેરીજનો ત્રાહિમામ પોકારી જાય. વાનર દ્વારા વાહનોને નુકસાન પહોંચાડવામાં આવે છે. નાગરિકો પર હુમલો કરવામાં આવે છે, નાના બાળકો અને સિનિયર સિટીજનોમાં વાનરસેનાને જોઈને ભયનો માહોલ પ્રસર્યો છે. ભોજનની શોધમાં વાનર સેના શહેરીજનોના ઘરમાં ઘૂસી જાય છે અને તોડફોડ કરી મુકે છે. વાનરસેનાને ભગાડવા માટે વગર દિવાળીએ શહેરમાં ટાકડાઓ ફૂટવાની ઘટના વધી રહી છે. વાનરોને ખૂબ ભૂખ હોય અને તેમને વધુ ખોરાક ન મળે તો તેઓ હુમલાખોર બની જતા હોય છે. વીજળીના તાર પર ઉધમ મચાવતા ઘણા વિસ્તારોમાં વીજળી ડૂલ થઈ જાય છે. વીજળીના વાયરો પણ તોડી નાખે છે.

# ગાંધીનગર મનપાના કામદારોની અસલામત સવારી

## જિંદગીની કિંમત આ કામદારોની પણ કંઈ ઓછી ના આંકી શકાય જેઓ કાળઝાળ ગરમીમાં ધોમધખતા તાપમાં શહેરની સ્વચ્છતા માટે કામગીરી કરી રહ્યા છે





ગાંધીનગર, તા. ૧૫

સલામત સવારી એસટી અમારી આવું તો વાંચ્યુ અને સાંભળ્યુ પણ છે. પણ જુઓ આ અસલામત સવારી... ગાંધીનગર મહાનગરપાલિકાની સફાઈની ગાડીની અસલામત સવારી. જિંદગીની કિંમત આ કામદારોની પણ કંઈ ઓછી ના આંકી શકાય કે જેઓ ધોમધખતા તાપમાં બપોરે બે વાગ્યે આ રીતે સવારી કરી રહ્યા છે. આમ તો આ મજબૂરી હોઈ શકે પણ આવું આપણી આ રાજધાની ગાંધીનગરમાં શિક્ષિત શહેરમાં ન ચલાવી લેવાય.

ગાંધીનગર મનપા દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈ કામગીરી માટે ઠેક ઠેકાણે કામદારોની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે જ કચરો લેવા માટે સેક્ટરે સેક્ટરે મનપાની ગાડીઓ ઘણા વર્ષથી કાર્યરત છે. ત્યારે શહેરની સ્વચ્છતામાં આ કામદારોનો અગત્યનો ફાળો બની રહ્યો છે. તેમના થકી શહેરની સ્વચ્છતા જળવાઈ રહે છે. તેમના થકી જ રોજેરોજ શહેરની ગંદકી સાફ થઈ રહી છે ત્યારે આ કામદારોની મજબૂરી તો જુઓ પોતાના કામકાજ પાર પાડીને અથવા ક્યાંક સાફ સફાઈ કરવા જતા આ કામદારોને ધોમ ધખતા ઉનાળામાં તડકામાં સેકાઈને કામગીરી કરવાની મજબૂરી જોવા મળી રહી છે. એસીવાળી મોટી મોટી ગાડીઓમાં ફરતા અધિકારીઓને ક્યાંક તો આ દૃશ્ય નજરે પડતા જ હશે. તેમ છતાં મજૂરી કરનારા માણસો પ્રત્યે લાગણી છલકાતી નથી. દયાભાવ છલકાતો નથી. કાળઝાળ ગરમીમાં બપોરે અબોલ જીવ પણ શહેરમાં નજરે પડતા નથી ત્યારે અસહ્ય ગરમીમાં કામદારો માટે કોઈ પણ સુવિધા કરવામાં આવી નથી. કચરા વાનવાળા પણ કાળઝાળ ગરમીમાં શહેરમાં વૃક્ષોના છાંયડા નીચે બપોરે આરામ કરતા નજરે પડે છે. આ વખતે કાળઝાળ ગરમીના કારણે દરેક નાગરિક ત્રસ્ત બન્યો છે ત્યારે મજૂરી કરતા માણસોની વ્યથા કંઈક અલગ જ છે. સવારથી સાંજ કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા કામદારો પોતાની વ્યથા કોઈને કહી શકતા નથી.

# ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી પદેથી કીર્તિદા શાહનું રાજીનામુ

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રીપદેથી કીર્તિદા શાહે રાજીનામું આપ્યું છે. પરિષદ પ્રાંગણમાં વૃક્ષછેદન પ્રશ્ને નિમાયેલી સમિતિના વિગતવાર હેવાલ પર પરિષદની કારોબારી અને મધ્યસ્થ સમિતિમાં થયેલી ચર્ચાને અંતે તેમણે આ નિર્ણય લીધો હતો. પ્રમુખ પ્રકાશ ન. શાહ જોગ રાજીનામાના પત્રમાં તેમણે લખ્યું છે કે 'વૃક્ષછેદન સંદર્ભે મારી નૈતિક જવાબદારી સ્વીકારી હું ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રીપદેથી રાજીનામું આપું છું.' મધ્યસ્થ સમિતિના બહુમતી સભ્યોની માગણીને માન આપીને રાજીનામું ધરી દેનાર કીર્તિદાબહેન શાહે મહામંત્રી તરીકેની એમની ટૂંકી કારકિર્દી દરમ્યાન પરિષદની સાહિત્યકોશ પ્રવૃત્તિને વેગ આપવા ઉપરાંત ભુજ જ્ઞાનસત્રનું સફળ આયોજન કર્યુ હતુ તેની સાભાર નોંધ લઈ પ્રમુખે એમનું રાજીનામું સ્વીકાર્યું હતું.

# આજે વિશ્વ ડેન્ગ્યુ દિવસ

## ગાંધીનગરમાં સેક્ટર-૨૦, ૨૧, ૨૭, ૧૭, ૩૦, જીઇબી, ચરેડી, ન્યૂ ગાંધીનગરમાં સમાવિષ્ટ વિસ્તારોને સંવેદન શીલ જાહેર કરવામાં આવ્યા છે

ગાંધીનગર, તા.૧૫

આજે વિશ્વ ડેન્ગ્યુ દિવસ છે. ડેન્ગ્યુ તાવ એક વાયરલ બીમારી છે. ડેન્ગ્યુ તાવ માદા એડીસ-ઈજિપ્ત મચ્છરો દ્વારા ફેલાય છે, આ મચ્છરો દિવસે જ કરડે છે. ડેન્ગ્યુ તાવ એ હવા, પાણી, સાથે ખાવાથી કે અડવાથી ફેલાતો નથી. ગાંધીનગર માં વર્ષ ૨૦૧૯-૨૦ માં ૫૦૦ થી વધુ કેસ નોંધાયા હતા. આ બાબતે ગાંધીનગરમાં સેક્ટર ૨૦, ૨૧, ૨૭, ૧૭, ૩૦, જીઈબી, ચરેડી, ન્યૂ ગાંધીનગરમાં સમાવિષ્ટ વિસ્તારોને સંવેદન શીલ જાહેર કરવામાં આવ્યા છે

**● ડેંગ્યુ શું છે?**

ડેંગ્યુ એ એક વિષાણુ-જન્ય રોગ છે.

એડીસ ઈજીપ્તી મચ્છરના ચેપી દંશથી તેનું વહન થાય છે. ચેપી મચ્છર દ્વારા દંશના ૫-૬ દિવસ પછી મનુષ્યને આ રોગ થાય છે. તે બે સ્વરૂપમાં થાય છે : ડેંગ્યુ તાવ અને ડેંગ્યુ હેમરેજિક તાવ (ડીએચએફ). ડેંગ્યુ તાવ તીવ્ર, ફ્લુ જેવી બીમારી છે. ડેંગ્યુ હેમરેજિક તાવ (ડીએચએફ) વધુ તીવ્ર પ્રકારનો રોગ છે, જેનાથી મૃત્યુ થઈ શકે. ડેંગ્યુ તાવ કે ડીએચએફ હોવાની જેમને શંકા હોય તેમણે એકવાર ડૉક્ટરની સલાહ લેવી જ જોઇએ.

**● ડેંગ્યુ તાવના ચિહ્નો અને લક્ષણો**

સખત તાવ અચાનક ચડે, માથાના આગળના ભાગમાં તીવ્ર દુખાવો, આંખ પાછળનો દુખાવો, જે આંખની ગતિવિધિ સાથે વણસે, સ્નાયુ અને સાંધાનો દુખાવો, સ્વાદ અને ભૂખની સંવેદના મરી જાય, છાતી અને હાથમાં ઓરી જેવી ફોડકીઓ, ઉબકા અને ઉલ્ટી

**● ડેગ્યુ હેમરેજિક તાવ અને શોક સીન્ડ્રોમના ચિહ્નો અને લક્ષણો:**

ડેંગ્યુ તાવ જેવા જ લક્ષણો હોય છે. જઠરમાં સતત, તીવ્ર દુખાવો, ચામડી ફીક્કી, ઠંડી અથવા ચીકણી થવી. નાક, મુખ, અવાળા અને ચામડીના ફોડકીઓમાંથી લોહી નીકળે. લોહી સાથે અથવા તેના વગર ઉલ્ટી. વધારે ઉંઘ આવે અને વ્યાકુળતા, દર્દીને તરસ લાગે અને મોઢું સૂકું થાય. ઝડપી, નબળી નાડી થાય. શ્વાસ લેવામાં મુશ્કેલી વિગેરે.

**● સંચારક્ષમતાનો ગાળો :**

ડેંગ્યુના રોગીને મચ્છરનો ચેપ લાગ્યાના ૬થી ૧૨ કલાક પછી રોગ શરૂ થાય છે અને તે ૩થી ૫ દિવસ રહે છે.

**● અસર પામતા ઉંમર અને લિંગ જૂથ :**

તમામ વય જૂથો અને સ્ત્રી-પુરુષ બંનેને ચેપ લાગે છે. ડીએચએફના રોગચાળા દરમિયાન બાળકોમાં મૃત્યુ વધારે થાય છે.

**● ડેંગ્યુ/ડેગ્યુ હેમેરિજક તાવના રોગવાહક જંતુ**

એડીસ ઈજીપ્તી ડેંગ્યુસ્ડેંગ્યુ હેમરેજિક તાવના રોગવાહક જંતુ છે. તે સફેદ પટ્ટા અને અંદાજે ૫ મિમિનું કદ ધરાવતા નાના, કાળા મચ્છર છે. તેના શરીરમાં વિષાણુને વિકસતા અને રોગનું વહન થતા ૭થી ૮ દિવસ થાય છે.

**● ખાવાની ટેવો :**

દિવસે કરડે, મુખ્યત્વે ઘરેલુ અને માનવ વસાહતોની આસપાસની પરિસ્થિતિઓમાં મનુષ્યો પર નભે છે. વારંવાર કરડે છે.

**● વિશ્રામ ટેવો :**

ઘરેલુ અને માનવ વસાહતોની આસપાસની પરિસ્થિતિઓમાં વિશ્રામ કરે છે. ઘરોના અંધારીયા ખૂણાઓમાં, કપડાં, છત્રી, વગેરે જેવી લટકતી ચીજો પર કે ફર્નિચરની નીચે વિશ્રામ કરે છે.

**● પ્રજનનની ટેવો**

એડીસ ઈજીપ્તી તદ્દન ઓછા પ્રમાણમાં પાણીનો જથ્થો ધરાવતા કોઈપણ પ્રકારના માનવસર્જિત કન્ટેનરો કે સ્ટોરેજ કન્ટેનરોમાં પ્રજનન કરે છે. એડીસ ઈજીપ્તીના ઈંડા પાણી વિના એક વર્ષ કરતા વધારે સમય જીવે છે.

**● પ્રજનનના મનપસંદ સ્થળો :**

કુલરો, પીપડા, બરણીઓ, માટલાં, ડોલો, ફુલદાનીઓ, વનસ્પતિના કુંડા, ટાંકીઓ, કુંડીઓ, બાટલીઓ, ડબ્બા, જુના ટાયરો, છાપરાની નીકો, ફ્રિજની ડ્રિપ પેન્સસ સીમેન્ટના બ્લોક્સ, સ્મશાનના કુંડો, વાંસ, નાળિયેરની છાલો, વૃક્ષોના કાણાં અને બીજા અસંખ્ય સ્થળો, જ્યાં વરસાદી પાણી એકઠું થાય છે અથવા સંગ્રહિત થાય છે.

**● શું કરવું શું ના કરવું :**

કુલરો તથા નાના કન્ટેનરોમાં સપ્તાહમાં ઓછામાં ઓછુ એકવાર પાણી બદલો. દિવસે મચ્છરોના દંશથી બચવા એરોસોલનો ઉપયોગ કરો. હાથ-પગ બહાર રહે તેવા કપડાંના પહેરો. બાળકોને પણ તેમના હાથ-પગ ઢંકાય તેવા કપડાં પહેરાવો. દિવસે સૂતી વખતે મચ્છરદાની અથવા મોસ્કીટો રીપેલન્ટ વાપરો

LED TV
રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

# મેશ્વા ચૌધરી એસ.એસ.વી. કેમ્પસનું ગૌરવ



ગાંધીનગર, તા. ૧૫

શ્રી સરસ્વતી વિદ્યાલય, સે. ૨૩માં અભ્યાસ કરેલ મેશ્વા ચૌધરીને ધોરણ-૧૨ સાયન્સમાં ૯૮.૧૩ પર્સન્ટાઈલ રેન્ક આવ્યા છે. આવનારી નીટની પરીક્ષામાં સારૂ એવું પરિણામ પ્રાપ્ત કરીને મેશ્વાને ડૉક્ટર બનવાની ઈચ્છા છે. મેશ્વાના માતા-પિતા ખેતીકામ કરે છે. શાળાના દરેક શિક્ષકોના પુરતા સાથ સહકાર થકી ૯૮.૧૩ પીઆર મેળવી શાળાનું અને પરિવારનું ગૌરવ વધાર્યુ છે. તે બદલ શાળા તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

આઝાદી નો અમૃત મહોત્સવ



**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના**

(છઠ્ઠો તબક્કોઃ એપ્રિલ ૨૦૨૨ થી સપ્ટેમ્બર ૨૦૨૨ સુધી)

**મે મહિનાના વધારાના અનાજનું વિનામૂલ્યે વિતરણ**



"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" (PMGKAY) હેઠળ રાજ્યના "રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા" હેઠળના ૭૦.૮૬ લાખ રેશનકાર્ડ ધારકોની ૩.૪૮ કરોડ જનસંખ્યાને વ્યક્તિદીઠ ૫ કિ.ગ્રા. વધારાના અનાજના જથ્થાનું તા.૧૬ મે-૨૦૨૨ થી તા.૩૧ મે-૨૦૨૨ દરમ્યાન વિનામૂલ્યે વિતરણ

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" હેઠળ રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓ તથા અમદાવાદ શહેરમાં વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. ઘઉં અને ૪ કિ.ગ્રા. ચોખા મળી કુલ ૫ કિ.ગ્રા. અનાજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે



| ક્રમ | કેટેગરી | વસ્તુ | મળવાપાત્ર જથ્થો | દર |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) અને અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા | વિનામૂલ્યે |
| | | ચોખા | વ્યક્તિદીઠ ૪ કિ.ગ્રા | વિનામૂલ્યે |

**વન નેશન, વન રેશનકાર્ડ યોજના**

દેશના અન્ય રાજ્યોના N.F.S.A. રેશનકાર્ડ ધારકો ગુજરાત રાજ્યમાં પણ અન્ન પુરવઠો મેળવી શકશે

ગુજરાતના કોઈપણ ગામ કે શહેરમાંથી રેશનકાર્ડ કઢાવ્યું હોય, પરંતુ ધંધા-રોજગારને લીધે અન્ય ગામ કે શહેરમાં વસવાટ કરતા લાભાર્થી સમગ્ર રાજ્યમાં કોઈપણ ગામ કે શહેરમાં આવેલ કોઈપણ વાજબી ભાવની દુકાનેથી અન્ન પુરવઠો મેળવી શકશે

લાભાર્થી પોતાના કોઈપણ હાથના અંગૂઠા/આંગળીનો ઉપયોગ કરી પોતાની ઓળખ આપી અનાજ મેળવી શકશે

દરેક લાભાર્થીને "My Ration" મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરવા ખાસ વિનંતી છે. આ એપ્લિકેશનથી આપને મળવાપાત્ર જથ્થાની વિગતો, વિતરણ ભાવ, મેળવેલ જથ્થો, ઓનલાઈન રિસિપ્ટની વિગતો મેળવી શકશો.

MY RATION
Mobile Application

-શ્રી નરેશભાઈ પટેલ, મંત્રી,
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય

લાભાર્થી પોતાની ફરિયાદ હેલ્પલાઈન નં.૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.